# Press Release of Russia-India-China Foreign Ministers

September 10, 2020

## રશિયા-ભારત-ચીનનાં વિદેશ મંત્રીઓનું પ્રેસ રીલીઝ

સપ્ટેમ્બર 10, 2020

મોસ્કોમાં 10 સપ્ટેમ્બર 2020 નાં રોજ રશિયાનાં વિદેશ મંત્રી શ્રી સર્ગેઇ લાવરોવ, ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ચીનનાં સ્ટેટ કાઉન્સિલર/ વિદેશ મંત્રી શ્રી વાંગ યી મળ્યા હતા.

આ નેતાઓએ પારસ્પરિક સમજણ, મૈત્રી અને વિશ્વાસની ભાવના સાથે રશિયા-ભારત-ચીન ત્રિપક્ષીય સહકાર વધુ મજબૂત કરવા પર તથા આંતરરાષ્ટ્રિય અને પ્રાંતિય મહત્વ ધરાવતા વિષયગત મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. મંત્રીઓએ નોંધ કરી હતી કે ત્રણ દેશોનો સામાન્ય વિકાસ અને સહકાર વૈશ્વિક વૃદ્ધિ, શાંતિ અને સ્થિરતાનો પ્રચાર કરવા માટે સંવાહક છે.

દ્વિતિય વિશ્વ યુદ્ધમાં વિજયની 75મી વર્ષગાંઠ અને સંયુક્ત રાષ્ટ્રનાં નિર્માણનાં પ્રસંગે 23 જૂન 2020 નાં રોજની તેઓની વિડીયો-કોન્ફરન્સ યાદ કરતા, મંત્રીઓએ સમાવેશક બહુઆયામવાદમાટે તેઓનાં સમર્થન અને આંતરરાષ્ટ્રિય કાયદાનાં વૈશ્વિક રીતે ઓળખ કરાયેલા સિદ્ધાંતો માટેનાં આદરનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

મંત્રીઓએ ઓગસ્ટ 2019 માં ભારત દ્વારા યોજવામાં આવેલ પ્રાંતિય મુદ્દાઓ પરનાં 2જા RIC DG-સ્તરનાં પરામર્શો, સપ્ટેમ્બર 2019 માં ચીન દ્વારા યોજવામાં આવેલી 17મી RIC એકેડેમિક એક્સચેંજ કોન્ફરન્સ, ઓક્ટોબર 2019 માં રશિયા દ્વારા યોજવામાં આવેલા RIC યંગ ડિપ્લોમેટ્સ પ્રોગ્રામનાં 3જા સંસ્કરણ, અને 8 સપ્ટેમ્બર 2020 નાં રોજ યોજવામાં આવેલી નેશનલ સેનિટરી એન્ડ એપિડેમિયોલોજિકલ સર્વિસીસની પ્રથમ ઓનલાઈન બેઠક સહિત RIC ફ્રેમવર્ક અંતર્ગત યોજવામાં આવેલી સંયુક્ત પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રશંસા સાથે નોંધ લીધી હતી. મંત્રીઓ સંમત થયા હતા કે પ્રબળ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક ક્ષમતાઓ ધરાવતા ત્રણ દેશો કોવિડ-19 મહામારીની અસર નાબૂદ કરવા તરફ નોંધપાત્ર યોગદાન આપી શકે છે.

ભારતનાં વિદેશ મંત્રીએ અને ચીનનાં વિદેશ મંત્રીએ RIC ની અધ્યક્ષતા માટે અને છેલ્લા એક વર્ષ દરમિયાન યોજેલી બેઠકો/પરિષદો માટે રશિયાનાં વિદેશ મંત્રીનો આભાર માન્યો હતો. રશિયાનાં વિદેશ મંત્રીએ અધિકૃત રીતે RIC ની અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રીને સોંપી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.